## ડાયરેક્ટ ❤ સે

એક મંદિરની બહાર લખેલું સરસ વાક્ય :
તમે
પાપ કરતાં થાક્યા હો
તો અંદર આવો,
હું
માફ કરતાં
થાક્યો નથી

## ખો-ખોને મળી માન્યતા : કદાચ આવતી એશિયન ગેમ્સમાં રમાશે

ગાંધીનગર, તા. ૨૯

ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા (ઓસીએ)એ ભારતની રમત ખો-ખોને માન્યતા આપી છે જેને પગલે સૌથી પહેલાં આ રમત પ્રદર્શન તરીકે એશિયન ઈન્ડોર ગેમ્સમાં સમાવવામાં આવશે. એવું મનાય છે કે કદાચ (૨૦૨૨ની) આવતી એશિયન ગેમ્સમાં ખો-ખોની રમતનો સમાવેશ થશે.

ભારતના સ્પોર્ટ્સ મિનિસ્ટર રાજ્યવર્ધન સિંહ રાઠોરે ખો-ખોને ઓસીએની માન્યતા અપાઈ હોવાના નિર્ણયને ગઈ કાલે આવકારતાં પીટીઆઈને કહ્યું હતું કે ‘આ નિર્ણય બતાવે છે કે ખેલજગતમાં ભારતની હાજરી કેટલી બધી અસરકારક સાબિત થઈ રહી છે. આપણી ખો-ખો રમત હવે દેશની બહાર નીકળીને એશિયન દેશોમાં પહોંચશે.

## યુવતીઓને મળી એક દિવસ માટે બ્રિટિશ હાઈ કમિશનર બનવાની તક

ગાંધીનગર, તા. ૨૯

ભારતમાં યુ.કે. હાઈ કમિશન ૧૧ ઓક્ટોબરે ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવવા જઈ રહ્યું છે જેના માટે એક સ્પર્ધાની જાહેરાત કરાઈ છે જેમાં તેની વિજેતા યુવતીને એક દિવસ માટે બ્રિટિશ હાઈ કમિશનર બનવાની તક અપાશે.

યુકે હાઈ કમિશનર ડોમિનિક એસ્કિવથ દ્વારા આ જાહેરાત કરાઈ હતી, તેમણે જણાવ્યું કે, ૧૮થી ૨૩ વર્ષની યુવતીઓ માટે આ સ્પર્ધા છે. જેમાં તેમણે પોતાનો જેન્ડર ઈક્વાલિટી વિશેનો મત રજૂ કરતો એક વીડિયો ફેસબુક પર @BHCIndia, ટ્વિટર પર @UKinIndia તેમજ ઈન્સ્ટાગ્રામ પર પણ @UKinIndia ટેગ કરીને શેર કરવાનો રહેશે. તેના માટે #DayoftheGirl હેશટેગ કરવાનું રહેશે. એક યુવતી એક જગ્યાએ એન્ટ્રી મોકલી શકશે. આ સ્પર્ધા ૨૮ ઓગસ્ટથી ૧૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. તેમાં કોઈ અન્ય માહિતી આપવાની નથી. બ્રિટિશ હાઈ કમિશન દ્વારા નીમેલી જ્યૂરી વિજેતા પસંદ કરશે. વિજેતા એક દિવસ બ્રિટિશ હાઈ કમિશનર સાથે વિતાવશે તેમજ તેમની કામગીરી અને મુલાકાતોમાં ભાગ લેશે.

## રાજ્યકક્ષાનું મિશન સુરક્ષા પરિષદ સંમેલન શાનદાર રીતે ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં વિશિષ્ટ અતિથિ ગૃહ, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાનું મિશન સુરક્ષા પરિષદ સંમેલન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે બી આર પ્રજાપતિ, ઉપેન્દ્ર પાઠક, પી બી શ્રીમાળી, કાંતાબેન ગડીયલ, પ્રવીણભાઈ પરમાર, કરશનભાઈ ચૌહાણ, ભગવાનજીભાઈ સોલંકી, મહેશભાઈ જેઠવા, ભરતભાઈ પરમાર, એસ એમ સાકરેચા, નરોત્તમદાસ આચાર્ય, ઈકબાલભાઈ મુલતાની, જી એસ પરમાર, જગદીશભાઈ ચૌહાણ, રાજુભાઈ ગડીયલ, કિશનભાઈ રોહીડા, મુકેશભાઈ શ્રીમાળી, વિનોદભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વરિષ્ટ અતિથિઓનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પી બી શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન કિરીટરાજ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા કેરળ પૂરગ્રસ્તોને સહાય

ગાંધીનગર, તા. ૨૯

આજનો માનવી આધુનિકતા પાછળની દોડને લઈને કુદરતની સામે પડ્યો છે પરંતુ પ્રકૃતિ આગળ તો હંમેશા તે વામણો જ પુરવાર થયો છે, ભગવાનની પોતાની ભૂમિ ગણાતું કેરલા રાજ્ય અત્યારે સદીના સૌથી મોટા પુરપ્રકોપ સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે કેરલા અને ત્યાં વસતા લોકોના જનજીવનને ફરીથી બેઠું કરવાના સ્તુત્ય પ્રયાસ રૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપક મિત્રો દ્વારા આ પુરપીડિતોને “ફૂલ નહી તો ફૂલની પાંખડી” સમી સહાય મોકલાવવાનું કામ કરી રહ્યા છે જે અભિનંદનને પાત્ર છે. કોલેજના વિદ્યાર્થીઓએ અને પ્રધ્યાપકોએ પોતાના ઘરેથી કપડાં, ગરમ કપડાં, ચપ્પલ,





બુટ, રેઈનકોટ એકત્ર કર્યા સાથે સાથે પોતાની બચતમાથી ફંડ એકત્રિત કરીને જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવી કુલ ૧૫૦ ફેમિલી કીટ તૈયાર કરવામાં આવી અને કેરળના અલાપુઝા ડિસ્ટ્રિક્ટને મોકલવામાં આવી.

આ તમામ ફેમિલી કિટમાં ઘઉનો લોટ, ચોખા, મગની મોગર દાળ, અડદની દાળ, બિસ્કિટના પેકેટ, નૂડલ્સ, મેગી, સેવ-મમરા, ચ્હા-ખાંડ, તેલ, સેનેટરી નેપકિન, બેબી ફૂડ, સામન્ય વપરાશની દવાઓ, હેર ઓઈલ, સ્ત્રી અને પુરુષોના ૨-૨ જોડી કપડાં અને બાળકોના ૨ જોડી કપડાં સાથે મૂકીને કુલ ૧૫૦ કીટ અલગ અલગ ૫૦ કન્ટેનરમાં ભરી જરૂરિયાતમંદ સુધી પહોચડવામાં આવી. ખુબજ ઉત્સાહપૂર્વક અને નિસ્વાર્થભાવે કરાયેલા આ સેવા કાર્યોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ સાચા મનથી સહાય કરી અને આ તબક્કે એકમેકને મદદરૂપ થવાની ભાવના કેળવીને એક પ્રશંશનીય કાર્ય કર્યું જેમાં ગાંધીનગર ડી-માર્ટનો પણ સહયોગ પ્રાપ્ત થયો. કોલેજ પરિવાર વતી કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહ દ્વારા આ તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોને અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શિક્ષણ આપવાની સાથે સાથે હમેશા સમાજસેવાનાં કાર્ય માટે સતત પ્રયત્નશીલ હોય રહે છે જે કલ્ચર તેની દરેક કન્સ્ટીટ્યુઅન્ટ કોલેજ દ્વારા પણ અપનાવવામાં આવેલ છે.

# કૉમર્સ કૉલેજમાં થેલેસેમિયા ટેસ્ટ કૅમ્પ

ગાંધીનગર, તા. ૨૯

જન્મ લેનાર ભાવિ બાળકોના ભવિષ્ય માટે થેલેસેમિયા ટેસ્ટ ખૂબ જરૂરી છે. જો બે માઈનોર સ્ત્રી-પુરુષ લગ્નસંબંધથી જોડાય તો જે બાળક જન્મ લે છે તે ખૂબ જ દર્દભરી જિંદગી જીવે છે. તેને સતત લોહી ચડાવવું પડે છે અને તે ખૂબ જ રિબાઈને મૃત્યુ પામે છે. કુટુંબને બાળકની સારવાર પાછળ ખૂબ જ મોટો ખર્ચ કરવો પડે છે, જેથી કુટુંબ પાયમાલ થઈ જાય છે. કુટુંબના ઉજ્જવળ ભવિષ્ય માટે સરકારના સહયોગથી રેડક્રોસ દ્વારા દરેક યુવાન યુવતિનો થેલેસેમિયા ટેસ્ટ ફરજિયાત કરવામાં આવે છે, જેથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થઈ શકે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સ્ટેટ બ્રાન્ચ દ્વારા ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી અને ગાંધીનગર સરકારી કોમર્સ કોલેજના સહયોગથી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ભગીરથ કાર્યમાં સ્ટેટ બ્રાન્ચના ડૉ. નિલેશભાઈ,



કૉલેજના આચાર્ય દેસાઈસાહેબ, બિપીનભાઈ ખાંટ, વ્યાસ સાહેબ અને એનએસએસની યુવા ટીમે ખૂબ જ સહકાર પૂરો પાડ્યો હતો. રેડક્રોસ ગાંધીનગરના જીલુભા ધાંધલ, જે એમ પરીખ અને અશ્વિનભાઈ દવેએ ખૂબ જ સારી સેવાઓ પૂરી પાડી હતી.

## આર જી - એસ બી પટેલ કન્યા શાળા ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૯

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ઓરી અને રૂબેલા રસીકરણ કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

શાળાની ૯થી ૧૫ વર્ષની વય ધરાવતી વિદ્યાર્થિનીઓનો સમાવેશ આ રસીકરણ કાર્યક્રમમાં કરવામાં આવ્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તરફથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કુલ ૨૯૬ વિદ્યાર્થિનીઓને આ રસીકરણ હેઠળ આવરી લેવામાં આવી હતી. આચાર્ય સુધાબેન પટેલ અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થિનીઓને રસીકરણ માટે અભિપ્રેરીત કરવામાં આવી હતી અને રસીકરણ બાદ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

# શ્રીમતી આર એન પટેલ સ્કૂલનાં ભૂલકાં વનચેતના કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યાં



શ્રીમતી આર એનપ ટેલ પ્રાઈમરી સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૨ના વિદ્યાર્થીઓ માટે વનચેતના કેન્દ્રની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં ગાર્ડનર દ્વારા બાળકોને જુદી-જુદી વનસ્પતિની ઓળખ આપવામાં આવી હતી. અહીં બાળકો દોરડાકૂદ, દડાફેંક જેવી રમતો પણ રમ્યાં હતાં. બાળકો ભણતરના ભારને ભૂલીને મનભરીને રમતો રમ્યાં હતાં. આ પ્રવાસ બાળકોને વિનામૂલ્યે કરાવવામાં આવ્યો હતો.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દૂધસાગર ડેરીની મુલાકાત

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે મહેસાણા ખાતે ની પ્રતિષ્ઠિત દૂધસાગર ડેરી માં લઈ જવામાં આવ્યા હતા.

દૂધસાગર ડેરી સહકારી ક્ષેત્રની સફળતાનો ઉતમ નમૂનો છે. જ્યાં સમગ્ર મહેસાણા જીલ્લાની દૂધ સહકારી મંડળીઓ જોડાયેલી છે. રોજનું દૂધ સમગ્ર જીલ્લાના દૂધ ઉત્પાદકો થકી અહીં પહોચે છે. ત્યારબાદ નિશ્ચિત કરેલ રૂટથી આ દૂધ મેળવવામાં આવે છે અને ગ્રાહકો સુધી પહોચાડવા માં આવે છે. સાથે-સાથે ખેડૂતોને પશુ ચિકિત્સા માટેની સવલત તેમજ પશુ વીમા બાબતે ડેરી, સંઘ તેમજ પશુપાલક ને સજાગ રહી પશુપલકો ને ઉત્સાહિત કરવા અનેક યોજનાઓ અમલી બનવવા માં આવી છે. જેથી પશુપલક મજબૂત બની શકે સાથે સાથે પશુ દાણ પણ ડેરી દ્વારા પશુ પાલકોને રાહત દરે મળે તેની વ્યવસ્થા છે.

તેમજ સમગ્ર વર્ષ દરમ્યાનનો ખર્ચ બાદનો નફો દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવા માં આવે છે.

ગુણવતા જાળવવા ડેરી દ્વારા લેવા માં આવતા પગલા બાબતે



વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓની માહિતી આપવામાં આવી હતી ડેરી દ્વારા દૂધ, દહી, છાસ, ઘી જેવી પ્રૉડક્ટ્સ તેમજ ગાય, ભેંસનું દૂધ જુદા જુદા ફેટની કેટેગરી પ્રમાણે ગ્રાહક સુધી પહોંચાડવા માં આવે છે. જેમા ગોલ્ડ, શક્તિ સહિતની કેટેગરીનો સમાવેશ થાય છે. પ્લાન્ટમાં દૂધ પહોંચે ત્યારબાદ તેના ઉપર થતી પ્રોસેસેથી લઈ પેકિંગ સુધીની તમામ બાબતો જીણવટ પૂર્વક સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્લાન્ટ લે આઉટ તેમજ ઉત્પાદન નાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવીરિતે કરવુ તેમજ પ્લાન્ટ લે આઉટની ગોઠવણી કેવી રિતે કરવી તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી.

આ વિઝિટને સફળ બનાવવા દૂધસાગર ડેરી તરફથી તમામ સ્ટાફનો ખુબ જ સહકાર મળ્યો હતો. ડેરીના જયેશભાઈ સુથાર દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઅઓથી વાકેફ કર્યા જેમા ડેરીનાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા. સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, પ્રો જાનકી દવે, પ્રો.મેથ્યુ જહોન, પ્રો. પ્રજ્ઞેશ નવલખા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

# જીવનમાં સફળતા કાયમ રહેતી નથી

ગાંધીનગર, તા. ૨૯

સફળતા અને અસફળતાઓની બે ધારાઓ વચ્ચે માણસની જિંદગી પસાર થતી હોય છે. અસફળ મનુષ્ય ગમે ત્યારે પુરુષાર્થ કરીને ધારેલી સિદ્ધિ મેળવી શકે છે જ્યારે સફળ વ્યક્તિને કોઈ પણ વ્યક્તિ તેમનો રિકોર્ડ તોડી ગમે જ્યારે તેમના સ્થાનેથી નીચે ખસેડી શકે છે એટલે સફળતા પણ કાયમ માટે રહેતી નથી. તો માણસ ગુમાન શાનો કરે છે? શા માટે લોભ, લાલચ, માયાચારી આચરે છે? પ્રાકૃતાચાર્ય ગુરુવર ૧૦૮ આચાર્યશ્રી સુનીલ સાગરજી મહારાજે આજ સવારના પ્રવચનમાં સિખામણ આપતા કહ્યું કે જીવનમાં ના તો સફળતા કાયમી છે અને ના અસફળતા તો સફળતા ઉપર અભિમાન કરવો અને અસફળતા ઉપર નિરાશ થવો યોગ્ય નથી. સફળતાના મદમાં લોકો પોતાનાથી નાનાઓને ક્યાંક ગણતા નથી, મોટાઓને પણ ગણકારતા નથી અને થોડીક અસફળતામાં એકદમ બેખરાઈ જાય છે, નિરાશાના ગર્તમાં ડૂબી જાય છે જે તે ખરેખર યોગ્ય નથી. તેમણે જોઈએ કે તેઓ બન્ને પરિસ્થિતિયોમાં ધૈર્ય, સાહસ, સૌમ્યતા અને પુરષાર્થને કાયમ રખે. આજે આ કહેવત સાચી ઠરે છે કે - સફલતા કી ઊંચાઈ પર હો તો ધૈર્ય રખના, વરના પક્ષિયોં કો ભી પતા હૈ, આકાશ મેં ઠહરને કી જગહ નહીં હોતી. છતાંય લોકો સફળતા માટે જાત જાતના ન કરવા યોગ્ય કાર્ય, કાવતરા કરતા હોય છે, એના માટે છલ કપટ આચરતા હોય છે. ગુરુદેવ આગળ કહે છે વસ્તુઓમાં હિંસા હોતી નથી પણ વસ્તુ પાછળ રહેલી આસક્તિમાં હિંસા છે જેના લીધે ભાવ વિકૃતિ થતી હોય છે. એવી વસ્તુઓ હિંસાનો નિમિત્ત અને આયતન બને છે તેથી જ તે વસ્તુએ ત્યાગ કરવા યોગ્ય ગણાય છે. વસ્તુ પ્રત્યે મમત્વ રાખવાથી તત્સંબંધી હિંસાનો દોષ લાગી જાય છે. દાખલા તરીકે કાપડ આદિ હિંસાદિક વસ્તુઓ નથી પણ તેનો અતિરેક, સંગ્રહ તેના પ્રત્યેની આસક્તિ પાપબંધનો કારણ છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પ્રમાદ છોડીને અને વિવેક ધારણ કરીને મક્કમતાથી એવી વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ જે હિંસાદિ પાપનો અનાયતન બને છે, પરિણામોમાં વિકૃતિ પૈદા કરે છે અને જેના થકી આગમની અવમાનના થાય છે. હિંસાદિક પ્રવૃતિઓના અસ્તિત્વમાં રહેવાથી પરિણામ વિશુદ્ધિ થતી નથી, પાપાશ્રવ ચાલૂ રહે છે. જૈન ધર્મ એટલે જ રાત્રિ ભોજનના ત્યાગની બાત કરે છે.

એકલી ભાવ શુદ્ધિ પર્યાપ્ત હોતી નથી શુદ્ધાચરણ માટે યથાખ્યાત બાહ્ય આચરણ હોવો જોઈએ જેથી હિંસાદિક પ્રવૃત્તિઓનાં કારણોને ટાળી શકાય. સંઘસ્થ મુનિશ્રી શ્રુતાંશ સાગરજી મહારાજે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનની પૂર્વભવની કથાના માધ્યમથી આહારદાનની મહિમા બતાવી કે તેમને કેવી રીતે નવદાભક્તિથી ચારણઋદ્ધિધારી આકાશગામી મુનિશ્રીઓ સાધારણ જ આહારનો નવદાભક્તિ પૂર્વક દાન કર્યું અને ભવચ્છેદ કરીને તીર્થંકર બન્યા અને ત્યાં ઉપસ્થિત અન્ય પ્રાણિઓ દ્વારા એવા આહારદાનની અનુમોદના કરવાથી તેમો પણ ભવચ્છેદ થઈ જાય છે, ગતિ સુધરી જાય છે. મુનિશ્રીએ આજની આહાર વ્યવસ્થામાં વસ્તુ અને વાનગીઓની સંખ્યા ઉપર ધ્યાન આપવા કરતાં આહાર વ્યવસ્થાની શુદ્ધિ અને તે અંગેની ભાવ વિશુદ્ધિ ઉપર ધ્યાન આપવાની ફરજ પાડતા કહ્યું કે આહારમાં ઘણી વાનગીઓ હોય તે જરૂરી નથી પણ થોડી અને સાદગીપૂર્ણ વાનગીઓ સાથે શુદ્ધતા સચવાય તે ખૂબજ જરૂરી છે અને તેનાથી અતિશય પુણ્યનો બંધ થાય છે.

# ગુજરાતના બે યુવકોએ માર્શલ આર્ટમાં વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

### વડોદરાના ૧૮ વર્ષના આકાશ શ્રીહરી પોલકરે એક મિનિટમાં ૧૫૩ ‘ની સ્ટ્રાઈક’ કરીને વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨૯

વડોદરાના બે યુવકોએ માર્સલ આર્ટમાં બે વિશ્વ રેકોર્ડ બનાવ્યા છે. બેચલર ઓફ આર્ટસના વિદ્યાર્થી રોહને ‘ચેસ્ટ લેવલ કિક‘માં તો આકાશ પોલકરે ‘ની સ્ટ્રાઈક‘ માં વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો છે.

રોહન પરીખ મૂળ વડોદરાનો છે અને હાલમાં દિલ્હી નજીક સોનીપથ ખાતે બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. રોહને ‘ચેસ્ટ લેવલ કિક‘ એટલે કે છાતી સુધી પગ ઉંચો કરીને લાત મારવાની માર્સલ આર્ટમાં એક મિનીટમાં ૨૫૫ કિક મારીને રેકોર્ડ નોંધાવ્યો છે. અગાઉ આ રેકોર્ડ એક મિનિટમાં ૨૫૨ કિક સાથે રશિયન જિમનાસ્ટયમ તાફઝી અહમદના નામે હતો. રોહને આ રેકર્ડ અંગે વાત કરતા કહ્યું હતું કે આ રેકોર્ડ તોડવા રોજના ૭ કલાક પ્રેક્ટિસ કરતો હતો. જ્યારે છાતી સુધી પેડ રાખીને પગના ઘુંટણથી પેડ પર વાર કરવાની માર્શલ આર્ટને ‘ની સ્ટ્રાઈક’ કહે છે જેમાં વડોદરાના ૧૮ વર્ષના આકાશ શ્રીહરી પોલકરે એક મિનિટમાં ૧૫૩ ની સ્ટ્રાઈક કરીને વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો છે. અગાઉ આ રેકોર્ડ એક મિનિટમાં ૧૩૨ ની સ્ટ્રાઈક સાથે અમેરિકન જિમનાસ્ટયમ એન્ડ્રુ જહોનના નામે હતો.

# ૩ જાન્યુઆરીએ ઈસરો દ્વારા ચંદ્રયાન-૨ નું લોન્ચિંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ઈસરોએ ચંદ્રયાન-૨ની લોન્ચિંગની તારીખની જાહેરાત કરી દીધી છે. ઈસરોના ચેરમેન કે સિવને મંગળવારે જણાવ્યું કે તેને ૩ જાન્યુઆરીએ લોન્ચ કરવામાં આવશે. તે ૧૬ ફેબ્રુઆરીએ ચંદ્રના દક્ષિણી ધ્રુવની નજીક નિયત સ્થાન પર ઉતરશે. ઈસરોની માર્ચ ૨૦૧૯ પહેલા સુધી ચંદ્રયાન-૨ સહિત ૧૯ મિશન લોન્ચ કરવાની યોજના છે.

સિવને જણાવ્યું કે ચંદ્રયાન-૨નું વજન ૬૦૦ કિલોગ્રામ વધારવામાં આવ્યું છે. મૂળે, પ્રયોગો દરમિયાન જાણવા મળ્યું કે ઉપગ્રહથી જ્યારે ચંદ્ર પર ઉતરનારો હિસ્સો બહાર આવશે તો તે હલવા લાગશે. જેથી, તેનું વજન વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો. હવે આ ઉપગ્રહ સહિત ૩૮ ક્વિન્ટલથી થોડુંક વધારે હશે.

વજન વધવાના કારણે હવે તેને જીએસએલવીથી લોન્ચિંગ નહીં કરી શકાય. તેના માટે જીએસએલવી-મેક-૩માં ફેરફાર કરવામાં આવ્યા છે. તે જીએસએલવી-મેક-૩-એમ૧ તરીકે ઓળખાશે. ચંદ્રયાન-૨ પહેલા આ વર્ષે ઓક્ટોબરમાં લોન્ચ કરવાનું આયોજન હતું. સિવને જણાવ્યું કે આ દુનિયાનું પહેલું મિશન હશે, જે ચંદ્રના દક્ષિણી ધ્રુવની નજીક પહોંચશે.

ગગનયાનથી મોકલનારા અંતરિક્ષ યાત્રીઓને લગભગ ત્રણ વર્ષ પ્રશિક્ષણ આપવામાં આવશે. તેને ધ્યાનમાં રાખીને તેમની પસંદગી પણ જલ્દી કરવામાં આવશે. તેમાં એરફોર્સના પાયલટ્સને પ્રાથમિકતા આપવામાં આવશે. અંતરિક્ષમાં પાંચ-સાત દિવસ રહ્યા પછી અંતરિક્ષયાત્રીઓ ધરતી પર પાછા આવશે. યાનને નક્કી કરેલી કક્ષામાં પહોંચવામાં ૧૬ મિનિટ અને ધરતી પર પાછા આવવામાં ૩૬ મિનિટ લાગશે. ગગનયાન પર આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. આ કોઈપણ આંતરરાષ્ટ્રીય માનવ મિશનની સરખામણીએ ઘણો ઓછો હશે.